**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૧૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૪૬ ટકા ● સાંજે ૨૫ ટકા

# શહેરમાં પરીક્ષાનો માહોલ છવાયો

## ધોરણ ૧૦-૧૨ બોર્ડની પરીક્ષાથી લઈ હેડકલાર્ક, બિનસચિવાલય, એલઆરડીની પરીક્ષા યોજાશે : પરીક્ષાર્થીઓ રાત-દિવસ મહેનત કરવામાં લાગ્યા

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરમાં પરીક્ષાઓનો જોરદાર માહોલ જામ્યો છે. વિદ્યાર્થીઓ રાત-દિવસ એક કરીને વાંચનમાં પરોવાઈ ગયા છે. શાળા કોલેજો તથા સ્પર્ધાત્મક પરીક્ષાઓની તારીખો જાહેર થઈ જવાથી શહેરમાં પરીક્ષાનો માહોલ જોવા મળી રહ્યો છે.

કોરોનાકાળ બાદ શિક્ષણ કાર્ય હવે સંપૂર્ણ પાટે ચઢયું હોય તેવું લાગી રહ્યું છે. ધોરણ ૧૦-૧૨ બોર્ડની પરીક્ષા, ૨૦મી માર્ચે હેડ કલાર્કની પરીક્ષા, ૨૪ એપ્રિલે બિન સચિવાલયની પરીક્ષા, કોન્સ્ટેબલ એલઆરડીની પરીક્ષા ૧૦ એપ્રિલે યોજાનાર છે. આ ઉપરાંત સમાજ કલ્યાણ અધિકારી, વિસ્તરણ અધિકારીની પરીક્ષાઓ થોડાક સમયમાં જ આવશે અને જુનિયર કલાર્કના ફોર્મ ભરાવાના શરૂ છે. આમ, એક પછી એક પરીક્ષાઓની તારીખો હોવાથી વિદ્યાર્થીઓએ અને પરીક્ષાર્થીઓએ પોતાની સમયસૂચકતાને ધ્યાનમાં રાખી મહેનત કરવાનું શરૂ કરી દીધું છે. શાળાઓમાં બોર્ડની પરીક્ષાની તૈયારીઓનો ધમધમાટ જોવા મળી રહ્યો છે. ટયુશન કલાસમાં શિક્ષકો દ્વારા દરેક વિદ્યાર્થીને બોર્ડની પરીક્ષા માટે કોઈ કચાશ ન રહે તેવી તૈયારીઓ કરાવવામાં આવી રહી છે. વાલીઓ પણ પોતાની બીજી બધી એક્ટવીટી બાજુમાં મુકીને પોતાના બાળકો માટે મહેનત કરી રહ્યા છે. વાંચન દરમિયાન બાળકોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે વાલીઓ તકેદારી રાખીને ધ્યાન આપી રહ્યા છે. ગઈ કાલે પી.એસ.આઈ.ની પરીક્ષા લેવાઈ જેમાં પરીક્ષાર્થીઓને પોતાની મહેતન ફળી હોય તેવું લાગ્યું છે. પરીક્ષાર્થીઓ કોરોનાની મહામારી હોવા છતાં રાત દિવસ મહેનત કરીને વાંચન કરી રહ્યા હતા.

આગામી સમયમાં એટલે કે માર્ચ અને એપ્રિલ માસમાં પરીક્ષાનો દોર યથાવત હોવાના કારણે ગાંધીનગરમાં પરીક્ષાર્થીઓની સંખ્યામાં વધારો થયો છે એટલે કે લાયબ્રેરી અને પીજીમાં રહેવા માટેની ઈન્કવાયરીઓ વધી રહી છે. સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થીઓ દૂર દૂરથી ગાંધીનગરમાં રહેવા માટે પીજીની સગવડ કરી રહ્યા છે. કોરોનાના કેસો ઘટવાથી પરીક્ષાર્થીઓમાં પણ હાકારાત્મક સ્ફૂર્તિ આવી છે કે હવે તો પરીક્ષા લેવાશે જ એટલે દરેક પરીક્ષાર્થીઓ રાત દિવસ મહેનત કરવામાં લાગી ગયા છે.

## રેડિયન્ટ સ્કૂલમાં ચિત્ર સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા.૬

ન્યુ ગાંધીનગર સ્થિત રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સમાં ટેલેન્ટ હંટ ઈવેન્ટ અંતર્ગત ચિત્ર સ્પર્ધા તેમજ બેસ્ટ આઉટ ઓફ વેસ્ટ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ડ્રોઈંગ અને આર્ટ એન્ડ ક્રાફટના નિષ્ણાંત ઉચ્ચ કોટીના આર્ટીસ્ટ મનાલી ભટ્ટ અને રેડિયન્ટ સ્કૂલના સહયોગ અને સંકલન હેઠળ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં શહેરની દરેક શાળાના ધોરણ-૧ થી ૯ના ૨૧૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં મનાલી દ્વારા તૈયાર કરવામાં આવેલી સુંદર કૃતિઓનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

## દુ:ખદ અવસાન

ગાંધીનગર, તા.૬

ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી જ્ઞાતિના સ્વ. અનંતરાય જગજીવનરામ ભટ્ટના પુત્ર વિનોદભાઈ અનંતરાય ભટ્ટ (ઉ.વ. ૬૮) (નિવૃત્ત મેન્ટેનન્સ સર્વયેર)નું તા. ૫-૩-૨૦૨૨ના રોજ રાજકોટ મુકામે અવસાન થયેલ છે. જેઓ ઉષાબેન વી. ભટ્ટના પતિ (નિવૃત્ત ગ્રામ્ય વિકાસ કમિશનરની કચેરી) તેમજ ભરતભાઈ, હર્ષદભાઈ તેમજ મીનાબેન ભટ્ટના મોટાભાઈ જેમનું બેસણું તા. ૭-૩-૨૦૨૨ વર સોમવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે સેકટર-૩-સી ગાંધીનગર ખાતે રાખેલ છે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. પટેલ પુરીબેન નારણભાઈ**, ઉ.વ. ૧૦૦, માણેકપુર, માણસા
- **સ્વ. દેસાઈ અમૃતભાઈ સાગરભાઈ**, ઉ.વ. ૫૪, સેકટર-૨૫
- **સ્વ. ભટ્ટ હરનીસકુમાર હીરાલાલ**, ઉ.વ. ૮૦, જોધપુર
- **સ્વ. ત્રિવેદી જયાબેન મોહનલાલ**, ઉ.વ. ૮૮, સેકટર-૫
- **સ્વ. હેમાણી જસવંતરાય પ્રભુદાસ**, ઉ.વ. ૭૭, સેકટર-૪

## સે.૨૮-૨૯ની પ્રાથમિક શાળામાં ગાંધીનગરની સોશિયલ ચેરીટેબલનો રમતોત્સવ યોજાયો



ગાંધીનગર, ૩

આજના વિદ્યાર્થીઓ આવતીકાલનું ભવિષ્ય છે. વિદ્યાર્થીઓના અભ્યાસ અને સર્વાંગી વિકાસ માટે સતત અવિરતપણે નિ:સ્વાર્થ ભાવે સેવાકાર્ય કરતી સંસ્થા એટલે 'સોશિયલ એક્ટિવિટી ચેરીટેબલ ટ્રસ્ટ' દ્વારા દિન-પ્રતિદિન બાળકો, નિરાધાર તેમજ જરૂરિયાતમંદ નાગરિકોને મદદ અને પર્યાવરણ ક્ષેત્રે ખૂબ જ લોકહિતના કાર્યો કરવામાં આવે છે તે પૈકી તા.૫મી માર્ચ શનિવારના રોજ સરકારી પ્રાથમિક શાળા સેકટર ૨૮/૧, ૨૮/૨ અને ૨૯/૧માં સ્પોર્ટ્સ ડેની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં દોડ, કોથળા દોડ, સંગીત-ખુરશી, રસ્સાખેંચ વગેરે રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ-૧ થી ૮ના વિદ્યાર્થીઓ (છોકરા અને છોકરીઓ )એ ઉત્સાહભેર અલગ-અલગ રમતોમાં ભાગ લીધો હતો. પ્રથમ અને દ્વિતીય નંબર લાવનાર સ્પર્ધકોને ઈનામ સ્વરૂપે અનુક્રમે પાણીની બોટલ ડીશ તેમજ પાણીનો નાનો જગ આપવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા વોર્ડ નં - ૩ના કોર્પોરેટ સોનલબેન પટેલ, અંકિતભાઈ બારોટ, ભરતભાઈ ગોહિલ, દીપિકાબેન સોલંકી તેમજ ટ્રસ્ટના સભ્યો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના શિક્ષક બહેનો, ભાઈઓ અને આચાર્યનો સંસ્થા દ્વારા સહકાર બદલ આભાર માનવામાં આવ્યો હતો. ટ્રસ્ટ દ્વારા સ્કૂલના ૩૦૦ જેટલા બાળકોને દાબેલી અને બ્રેડજામનો અલ્પાહાર કરાવવામાં આવ્યો હતો. આવા અનેક કાર્યક્રમો આ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવે છે જે ભાવિ પેઢી માટે પ્રેરણાદાયી બની રહેશે.



તાજેતરમાં યોજાયેલી કલા મહાકુંભ ૨૦૨૨માં જિલ્લા કક્ષાએ પિયજ પ્રાથમિક શાળાના ત્રણ શિક્ષક વિજેતા થયા હતા. જેમાં કાવ્ય લેખનમાં દિપેશ બારોટ, સર્જનાત્મક કારીગરીમાં ગીતાબેન સોલંકી અને એકપાત્રિય અભિનયમાં મેહુલકુમાર કવિએ વિજેતા થઈ શાળાને ગૌરવ પ્રદાન કર્યું હતું. જિલ્લા કક્ષાએ ત્રણ વિજેતાઓને શાળા પરિવારે બિરદાવ્યા હતા.

## સે-૫ નિવાસી કેયુર જેઠવા ડે. મ્યુ. કમિશનર બનતા અભિવાદન કરાયું



ગાંધીનગર, તા.૬

ગાંધીનગર મહાનગરપાલિકાના ડેપયુટી મ્યુનિસિપલ કમિશનર પદે કેયુર જેઠવાની વરણી કરવામાં આવી છે. કેયુર જેઠવા ગાંધીનગરના સેકટર-૫ના રહેવાસી છે જેને અનુલક્ષીને સેકટર-૫ના સિનિયર સિટીઝન્સ દ્વારા તેમનો શુભેચ્છા અભુવાદન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ તેમનો પુષ્પગુચ્છ આપી અભવાદન કરી આવકાર્યા હતા. આ ઉપરાંત કાર્યક્રમમાં ઉપસ્થિત પી.વી. જેઠવા, મૂળસિંહ ચાવડા, સુરેન્દ્રસિંહ વાઘેલા, પ્રો. નટુભાઈ પટેલ, આર.જી. દવે, પ્રિતેશભાઈ વ્યાસ, બાબુભાઈ પ્રજાપતિ, મહેન્દ્રભાઈ નાયી, વિનોદભાઈ ભટ્ટ, વાસુદેવભાઈ સુથાર, જે.વી. પટેલ વગેરે વડીલોએ આશીર્વાદ સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

## શ્રી સમસ્ત બ્રહ્મસમાજના રાજ્યકક્ષાના સાંસ્કૃતિક સેલમાં શ્રીકેત ત્રિવેદીની નિમણૂંક



ગાંધીનગર, તા. ૬

શ્રી સમસ્ત બ્રહ્મસમાજના રાજ્યકક્ષાના સાંસ્કૃતિક સેલમાં સહ કન્વીનર તરીકે શ્રીકેત ત્રિવેદીની નિમણૂંક થઈ છે. જેથી શ્રીકેત ત્રિવેદીએ શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગુજરાત રાજ્યકક્ષાના સર્વે હોદ્દેદારોનો આભાર વ્યક્ત કર્યો હતો.

## જન્મદિને વધામણી



ધૈર્ય નિકેશ બ્રહ્મભટ્ટ
મો. ૯૯૧૩૦ ૯૮૬૨૦



સિધ્ધાર્થ રાજેન્દ્ર વાળા
મો. ૯૯૦૯૯ ૯૫૪૨૨



વિવેક મહેશકુમાર પરમાર



વિનય મહેશકુમાર પરમાર



કાવ્યા ભરતભાઈ ગાંગાણી



હરિઓમ ગઢવી



સોનલ વાઘેલા
મો. ૯૭૨૩૬ ૭૨૮૨૬

# 'હવે તો એકડે એકથી શરૂ કરીને હિંમતભેર જ જીવવું છે અમારે'

## સદાય હસતા-કિલ્લોલ કરતાં પરિવારને કોરોના મહામારીની બીજી લહેરે ઘરના બંને મોભી પુરુષોને એક જ પખવાડિયામાં છીનવી લીધાં : રસોઈના શોખને વ્યવસાયમાં બદલીને માતાએ પુત્રવધુ અને દિકરીની મદદથી ફરી પરિવારને 'આત્મનિર્ભર' બનાવ્યો





ગાંધીનગર, તા.૬

સમગ્ર વિશ્વમાં તા. ૮મી માર્ચે આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી કરવામાં આવે છે જેનો હેતુ આ દુનિયાને 'ગ્રહ'માંથી રહેવું ગમે તેવું 'ઘર' બનાવવા ઉપરાંત મહિલાઓમાં રહેલી વિશિષ્ટ ક્ષમતાને સન્માનિત કરવાનો હોય છે. ભારતીય સંકૃતિમાં તો ખૂબ જ પ્રાચીન સમયથી નારી શકિતને પૂજય ગણવામાં આવી છે અને આજના સમયમાં પણ ભારતીય મહિલાઓ ગૃહિણીથી માંડીને અવકાશયાત્રી સુધીની તેમની પ્રતિભા પ્રદર્શિત કરી ચુકી છે. વળી, મહિલાઓમાં આંતરિક આત્મબળ જાણે જન્મજાત હોય છે તેવી પ્રતિતિ આપણી આસપાસ રોજબરોજ જોવા મળતાં અનેક કિસ્સાઓથી થાય છે. ગાંધીનગરમાં એક એવું પરિવાર વસવાટ કરી રહ્યું છે જે પરિવારને કોરોના મહામારીની ઘાતક બીજી લહેરે એવી કારમી થપાટો મારી હતી કે તે માળાના મણકાં વેરવિખેર થયાં વિના રહે નહીં પરંતુ આ પરિવારની મહિલાઓએ ગજબનું આત્મબળ દાખવી એ કપરાં કાળને પણ હંફાવી દીધો છે. આ મહિલાઓ એટલે રાયસણ વિસ્તારમાં રહેતા ફાલ્ગુનીબેન પરમાર અને તમની પુત્રવધુ લક્ષ્ય તેમજ દિકરી દિપાલી ગજ્જર.

હાલ સેકટર-૨માં રહેતા મૂળ અમરેલીના નિવૃત્ત સનદી અધિકારી એસ.ડી. વાડેરા અને તેમના ધર્મપત્નિ વિદુલાબેનના અત્યંત લાડકોડ અને વૈભવમાં ઉછરેલા દિકરી ફાલ્ગુનીબેન અને તેમના પતિ સમીરભાઈ પરમાર દિકરા પ્રિયંક અને દિકરી દિપાલી સહિતના પરિવાર સાથે આર્કિટેક બિલ્ડર તરીકેનો વ્યવસાય કરવા ગાંધીનગરમાં સ્થાયી થયા હતા. પ્રિયંકના તેની બહેન દિપાલીની પંજાબી મિત્ર લક્ષ્ય સાથે પ્રેમલગ્ન થયા હતા અને દિપાલીના લગ્ન સે-૨૨માં પાર્થ ગજ્જર નામના બિલ્ડર યુવાન સાથે થયા હતા અને ખુબ સારું મિત્ર વર્તુળ બનાવા સાથે પાટનગરમાં સારી રીતે 'સેટ' થઈ ગયેલો આ પરિવાર કોઈને પણ ઈર્ષ્યા આવ્યા વગર ના રહે તેવા આનંદ કિલ્લોલથી રહેતો હતો. ફાલ્ગુનીબેનના હાથની રસોઈ અને નાસ્તાનો સ્વાદ પરિવાર ઉપરાતં સમગ્ર મિત્ર વર્તુળની જીભે ચોંટી ગયો હતો અને તેમના રસોઈના શોખને દિકરા પ્રિયંકે યુ-ટયુબ ચેનલ બનાવી આપી તેને 'કુકીંગ કલ્ચર' જેવું રૂપકડું નામ આપીને વધુ જાણીતો કર્યો હતો પરંતુ ત્યાં સુધી તે માત્ર પોતાના પરિવાર અને મિત્ર વર્તુળને જ માણવા મળતાં ઘરેણાં સમાન હતો. આ દરમિયાન કોરોના મહામારી શરૂ થઈ અને તેની પહેલી લહેરમાં તો હેમખેમ પાર ઉતરી ગયેલું પરિવર બીજી લહેરમાં વધુ સતર્ક થઈ ગયું હતું. નિયમિત આર્યુવેદિક ઉકાળા પીવા અને કારમાં પણ હેન્ડગ્લોવ્ઝ રાખવા સુધી ચીવટ રાખવા છતાં સૌથી પહેલા ફાલ્ગુનીબેનને કોરોનાના લક્ષણો દેખાયાં તેથી પરિવારમાં પ્રિયંકના બે બાળકો પણ હોવાથી સાવચેતીના ભાગરૂપે રેપિડ ટેસ્ટ નેગેટીવ હોવા છતાં તેઓ કોરોન્ટાઈન થઈ ગયા હતાં. આ પછી તેમનો આરટીપીસીઆર પણ નેગેટીવ આવ્યો પરંતુ સ્વાસ્થ્ય વધુ લથડતાં સીટીસ્કેન કરાવ્યું તો તેમાં ૨૫માંથી ૨૩ પોઈન્ટ સાથે તેમના ૮૦ ટકા ફેફસાં કોરોનાગ્રસ્ત થઈ ગયાં હોવાનું નિદાન થયું અને તેમને ઘરમાં જ અલાયદા રૂમમાં ઓકિસજન પર રખવામાં આવ્યા હતા. આ દરમિયાન ડાયાબીટીશના દર્દી એવા તેમના પતિ અને ઘરના મોભી સમીરભાઈની પણ તબિયત લથડી અને તેમને ૨૪ પોઈન્ટ સાથે ૯૦ ટકા ફેફસાં ચેપગ્રસ્ત હોવાનું નિદાન થયું અને તેમને તે વખતે ઘણા પ્રયાસે અમદાવાદના વાડજ ખાતેની એક હોસ્પિટલમાં બેડ મળતાં ત્યાં દાખલ કરવામાં આવ્યા હતાં.







કોરોનાનો ચેપ ધીમે ધીમે આખા પરિવારને લાગ્યો હતો અને ગામમાં જ રહેતી દિકરી અને જમાઈ ખડે પગે તેમની સેવામાં લાગી ગયા હતા. સમીરભાઈની તબિયત વધુ લથડતાં તેમને આઈસીયુમાં રખાયાં હતા અને તેમના દિકરા પ્રિયંકની પણ તબિયત લથડી હતી. પ્રિયંકને ગાંધીનગરની એક ખાનગી હોસ્પિટલમાં બેડ મળતાં ત્યાં લઈ જવા ઘરે એમ્બ્યુલન્સ આવીને ઉભી હતી ત્યારે જ વાડજથી ફોન આવ્યો કે સમીરભાઈને વેન્ટિલેટર પર ખસેડવા પડયાં છે. આ તરફ પરિવારના મિત્રોએ ઓકિસજનની બોટલો ઉપરાંત રેમડેસિવિર અને ટોસીલીઝુમેબ વગેરેની વ્યવસ્થા માટે આકાશ પાતાળ એક કરી ત્રણેયની સારવારમાં કોઈ કસર છોડી નહોતી અને અત્યાર સુધી મહામહેનતે કમાયેલો પૈસો પાણીની જેમ વપરાઈ રહ્યો હતો. ફાલ્ગુનીબેનને કંઈક અજુગતું થવાની આશંકા થતાં તેમનું ઓકિસજન લેવલ ૮૨ હોવા છતાં તેઓ વ્હિલચેર સાથે પતિને મળવા હોસ્પિટલ પહોંચી ગયા હતા અને આ તેમની છેલ્લી મુલાકાત હતી. સમીરભાઈને હોસ્પિટલ લઈ જવાતા હતા ત્યારે કહેલા શબ્દો 'ફાલ્ગુની તું હવે બધું સંભાળી લેજે' હવે ફાલ્ગુનીબેનને સાચાં પડતાં જણાયા અને સમીરભાઈ અનંતની વાટે ઉપડી ગયાં. દિકરાને તો આ વાત કહેવી યોગ્ય નહોતી કેમ કે તે પણ આઈસીયુમાં હતો અને જયાં અંતિમ સંસ્કાર માટે પણ ૭-૭ કલાક વાટ જોવી પડે તેવી કારમી ઘડી આ મહિલાઓએ પાર પાડી. પુત્રવધુ લક્ષ્ય અને દિકરી દિપાલી તો ફાલ્ગુનીબેનને સંભાળે કે બાળકોને તેવી હાલત હતી. બે ત્રણ દિવસ પછી પ્રિયંક જે સતત પિતાની તબિયત અંગે પુછતો હતો તેની તબિયત સુધારા પર જણાતાં પિતાના અવસાનના સમાચાર આપતાં જ 'હવે મારે ઘરે જવું છે, હોસ્પિટલમાં નથી રહેવું' તેવી જીદ કરવા લાગ્યો તેથી તેને તમામ વ્યવસ્થા સાથે ઘરમાં જ શીફટ કરાયો હતો. બારમા-તેરમા માટે શું કરવાનું તેવું સતત પુછતો પ્રિયંક પણ પિતાના બારમાના દિવસે અચાનક ફરી તબિયત લથડતા તેને હોસ્પિટલ લઈ જતી એમ્બ્યુલન્સમાં જ કોરોના સામેનો જંગ હારી જતાં સમગ્ર પરિવાર પર જાણે આફતનો વધુ એક પહાડ તુટી પડયો હતો.

માત્ર એક જ પખવાડિયામાં ઘરના બંને મોભી પુરુષોના દેહાંતની ઘટનાથી હતપ્રભ થઈ ગયેલા ફાલ્ગુનીબેનો જાણે આવનારા કપરાં સમયના પગરવને સાંભળી લીધો હતો અને તેમના આત્મબળથી તેમણે પોતાની જાતને સંભાળવા સાથે જ દિકરાના અવસાનના બીજા જ દિવસે પુત્રવધુ લક્ષ્યને કહ્યું કે, 'બેટા તમારો બાયોડેટા તૈયાર કરી દેજો' અને આ શબ્દો સાથે લક્ષ્યને પણ પ્રતિતિ થઈ ગઈ કે હવે 'હિંમત હારવાના નહીં, હિમત દાખવવાના દિવસો આવી ગયાં છે.' કોરોનાની કારમી થપાટો પછી ફાલ્ગુનીબેન થોડા માસમાં સ્વસ્થ થયાં ત્યાં એક પારવારિક મિત્ર પરિવારે બહારગામ જવાનું હોવાથી કેટલાંક સુકા નાસ્તા બનાવી આપવા કહ્યું અને ફાલ્ગુનીબેનને ફરી પોતાનું 'કુકીંગ કલ્ચર' યાદ આવી ગયું.

પોતાના ઘરના વાઈ-ફાઈનો પાસવર્ડ પણ જેમને ખબર નોહતી તેવી આ સાસુ વહુની જોડીએ લાઈટબીલ, ગેસબીલ વગેરેના પેમેન્ટ સાથે ઓનલાઈન બેકીંગ પણ શીખી લીધું અને દિકરી જમાઈની મદદથી ફરી સોશિયલ મિડીયાના માધ્યમથી એક ગ્રુપ બનાવી 'કુકીંગ કલ્ચર'ના ઓનલાઈન ઓર્ડર લેવાનું પણ શરૂ કરી દીધું. સેવ-ચકરીને શકકરપારા જેવા સુકા નાસ્તાથી માંડીને ખમણ-ઢોકળાં-સમોસા સહિતના ફરસાણ તેમજ કાજુકતરી-મોહનથાળ, ચુરમાના લાડુ અને શ્રીખંડ જેવી વાનગીઓ-મિઠાઈઓનું માર્કેટીંગ શરૂ કરી દીધું. જોત જોતામાં તેમની રસોઈનો સ્વાદ બધાની જીભે વળવા લાગ્યો અને માઉથ પબ્લિસીટીએ તેમનું ૩૯નું ગ્રુપ ૩૦૦ મેમ્બરના ત્રણ ત્રણ ગ્રુપ સુધી વિસ્તારી આપ્યું. દરેક ઘરે ઘરે ડિલીવરી કરવી અશકય બનતા વીકએન્ડમાં ચ-૨ સર્કલે એક પોઈન્ટ નકકી કરી ત્યાંથી ડિલીવરી આપવા માંડી અને માત્ર ૯ માસના ગાળામાં તેમણે નાની-મોટી પાર્ટીઓથી માંડીને ૧૫૦ વ્યકિતઓની સરકારી કચેરીની પાર્ટીના પણ ઓર્ડર સર્વ કર્યા અને આજે તે સાચા અર્થમાં આત્મનિર્ભર બન્યા છે. જયારે પતિ અને પુત્ર બંને ગુમાવ્યા ત્યારે 'થોડો સમય પિયરમાં રહેવા આવી જા' તેવી પિતાની સલાહ સામે 'ના, મારે હવે એકડે એકથી શરૂ કરવાનું છે' કહેનાર ફાલ્ગુની કહે છે કે 'અમે નક્કી જ કર્યું હતું કે અમારે સારી રીતે હિંમતભેર જીવવું છે.'

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@gmail.com

## સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા ૮મી માર્ચે મહિલા દિવસની ઉજવણી કરાશે

સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા કોરોના મહામારીમાં ગાંધીનગર જિલ્લાના બ્રહ્મસમાજની જે બહેન-દિકરીઓએ કોરોના મહામારીમાં પોતાના જીવના જોખમે કોરોના વોરિયર તરીકે ફરજ બજાવી હતી તેવી બહેન દિકરીઓના સન્માનનો કાર્યક્રમ ૧૩ માર્ચે રાખવામાં આવ્યો છે. જે સ્વામી સચ્ચિદાનંદ બ્રહ્મભવન, સે-૧૬ ગાંધીનગર ખાતે બપોરે ૨થી ૫ કલાકે યોજાશે. કોરોના વોરિયર બહેનોએ ગુજરાત નર્સિંગ કાઉન્સીલ અથવા સંસ્થા દ્વારા આપવામાં આવેલા સર્ટીફીકેટ સાથે હાજર રહેવા માટે ૮મી સુધીમાં મો. ૯૪૦૮૦૫૭૯૬૮, ૯૪૨૬૩૫૬૦૧૭, ૯૪૨૭૬૨૨૧૪૯ પર નામ નોંધાવવાનું રહેશે.